| | |
|---|---|
| દા. તા. | ૦૩-૦૬-૨૦૨૫ |
| રજી. તા. | ૦૩-૦૬-૨૦૨૫ |
| ફે.તા. | ૧૮–૦૩–૨૦૨૬ |
| અવધી | |

==============================================================

ધોલેરાના મહે. જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફ.ક. સાહેબની અદાલતમાં, મું ધોલેરા.

==============================================================

ફોજદારી કેસ નં-૧૨૭-૨૦૨૫
આંક-

ફરીયાદી : શ્રી સરકાર
વિરુધ્ધ
આરોપી : હરીભાઇ જીવાભાઇ ઝાપડીયા,
રહે. ચેર ગામ, તા. ધોલેરા, જી. અમદાવાદ.

**ગુનો:- પ્રોહી એકટની કલમ- ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબ**

===================================================================

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.બી. રાઠોડ
આરોપી નં-ર તરફે વિ.વ.શ્રી એન. એમ. ખસીયા

===================================================================

**-:: ઠરાવ ::-**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૧૬/૦૪/૨૦૨૫ ના કલાક ૧.૦૦ વાગ્યે મોજે ચેર, તા. ધોલેરા, જી. અમદાવાદ ખાતે આ કામના આરોપીએ વગર પાસ પરમીટે કેફી પ્રવાહી પીધેલ હાલતમાં જાહેર જગ્યાએથી મળી આવી, પ્રોહી એકટની કલમ- ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનો ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદીએ ધોલેરા પો. સ્ટે. પ્રો. ગુ.ર.નં-૧૧૧૯૨૦૧૯૨૫૦૦૯૯/૨૦૨૫ થી જાહેર કરેલ છે અને તે કામે તપાસ કરનાર અધિકારીએ આંક-૦૧ મુજબનું ચાર્ઝશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

૨. આ કામના આરોપીને સમન્સ વોરંટ કરતાં, આરોપી હાજર થતાં, આરોપી નાઓ સામે આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક-૦૫ થી પ્લી લેતાં, તેઓએ તેમની સામેના ગુનાનો ઇનકાર કરેલો છે.

૩. આ કામના ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૬ | પંચ સાહેદ જીગ્નેશભાઇ ધનશ્યામભાઇ મકવાણાની જુબાની |
| ૨ | ૦૭ | અસલ પંચનામું |
| ૩ | ૧૪ | ફરીયાદી/ત.ક.અ. હાર્દીકસિંહ જસવંતસિંહની જુબાની |
| ૪ | ૧૫ | અસલ ફરીયાદ |
| ૫ | ૧૬ | ફોર્મ - એ |
| ૬ | ૧૭ | ફોર્મ - બી |

ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કર્યા બાદ, આરોપી નું બી.એન.એસ.એસ.. ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં તેઓએ પોતાને પુછવામાં આવેલ પ્રશ્ન નો નકારમાં જવાબ આપેલ છે અને વિશેષ માં જણાવેલ છે કે, પોતે નિર્દોષ છે, પોતે આવો કોઇ ગુનો આચરેલ નથી, નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલી છે.

૪. આ કેસના નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થયેલ છે.

**-:મુદા:-**

**મુદદા નં-૧-** શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૬/૦૪/૨૦૨૫ ના કલાક ૧.૦૦ વાગ્યે મોજે ચેર, તા. ધોલેરા, જી. અમદાવાદ ખાતે આ કામના આરોપીએ વગર પાસ પરમીટે કેફી પ્રવાહી પીધેલ હાલતમાં જાહેર જગ્યાએથી મળી આવી, પ્રોહી એકટની કલમ- ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**મુદા નં.૨-** શું હુકમ?

૫. ઉપરોકત મુદદાઓના મારા નિર્ણય નીચે મુજબના છે.

**મુદા નં. ૧.** નકારાત્મક

**મુદા નં. ૨.** આખરી હુકમ મુજબ.

::નિર્ણય માટેના કારણો::

૬. **મુદા નં-૧ અને ૨.**

ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણોની ચર્ચા કરતી વખતે, આ કામે નોંધવામાં આવેલ ફરીયાદી તથા સાહેદની જુબાની તે રેકર્ડનો ભાગ હોઈ, સાહેદોની જુબાનીનો સારાંશ પ્રથમ નોંધીને પછી તેની ચર્ચા કરવાને બદલે, બિનજરૂરી પુનરાવર્તન ન થાય તે હેતુથી, મુદ્દા અનુસાર સંબંધિત જગ્યાએ સાહેદોની જુબાની ચર્ચવામાં આવેલ છે. હાથ પરના કેસમાં જોવામાં આવે તો, ફરીયાદ પક્ષે પોતાના કેસની હકીકતના સમર્થનમાં

આંક-૦૬ થી પંચ સાહેદ જીગ્નેશભાઇ ધનશ્યામભાઇ મકવાણાનેને તપાસેલા છે. સદરહું પંચ સાહેદ તેઓની જુબાનીમાં જણાવે છે કે,પોલીસે આશરે બેક મહિના પહેલા તેઓને ધોલેરા પોલીસ સ્ટેશને પંચ માં રહેવા બોલાવેલા તેમ જણાવે છે. જયારે સદરહું કામે આંક-૦૭ થી રજુ કરવામાં આવેલ પંચનામું તા. ૧૬/૦૪/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે અને પંચ સાહેદની જુબાની તા. ૧૫/૧૦/૨૦૨૫ ના રોજ લેવામાં આવેલ છે એટલે કે પંચ સાહેદે જુબાની આપી તેના અંદાજીત છ એક મહીના પહેલા પંચનામું લખવામાં આવેલ છે. આથી, પંચ સાહેદ બે એક મહીના પહેલા તેઓને પંચમાં રહેવા માટે બોલાવેલાની જે હકીકત જણાવે છે તેમાં તથ્ય જણાઇ આવતું નથી. સદરહું પંચ સાહેદ જણાવે છે કે, તેઓ પંચનામું કરવા ગયા ત્યારે  ત્યાં એક દારૂ પીધેલા ભાઇ ત્યાં હાજર હતા જેનો વીડીયો પણ ઉતારેલો હતો. હાલના કામે આવો કોઇ વીડીયો ફરીયાદ પક્ષે રજુ કરેલ હોય તેવું રજુ થયેલ રેકર્ડ જોતાં જણાઇ આવતું નથી. ત્યાં હાજર ઇસમ યોગ્ય રીતે ચાલી શકતા ન હતા અને તેની જીભ લથડાતી હતી  તેના મોઢા માંથી દેશી દારૂ ની વાસ આવતી હતી. આ દારૂ પીધેલા ઇસમ નું નામ હરીભાઇ જીવાભાઇ, રહે. ચેર, તા. ધોલેરા વાળા હતા તેવી હકીકત સદરહું પંચ સાહેદ જણાવે છે પરંતુ સદરહું પંચસાહેદની બચાવ પક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો સદરહું પંચ સાહેદ પોલીસ સ્ટેશનમાં જ જી.આર.ડી. તરીકે કામ કરે છે અને પોલીસની ગાડી ચલાવતા હોવાની હકીકત પણ જણાવે છે. આથી સ્વભાવિક રીતે જ સદરહું પંચ સાહેદ તે સ્વતંત્ર સાહેદ નથી. તેઓ પોલીસમાં જી.આર.ડી. તરીકે ફરજ બજાવતા હોય પોલીસને મદદરૂપ થાય તેવી હકીકત તેઓના પુરાવામાં જણાવે તે માની શકાય તેમ છે. ઉપરાંતમાં સદરહું પંચ સાહેદ આરોપીને વ્યકિતગત ઓળખતા ન હતા અને પોલીસવાળાએ તેઓને આરોપીનું નામ જણાવેલ એટલે તેઓએ લખાવેલાની હકીકત તેઓ જણાવે છે. આથી, સદરહું પંચ સાહેદનો પુરાવો જોતાં તેમાં વિશ્વનીયતાનો અભાવ જોવા મળે છે અને જેથી શંકાનો લાભ આ કામના આરોપીને મળવાપાત્ર થાય છે. ઉપરાંતમાં, સદરહું પંચ સાહેદે અવાર નવાર ધણા બધા પંચનામામાં સહી કરેલાની હકીકત જણાવે છે. આથી, સદરહું પંચ સાહેદ તે રૂટીન પંચ સાહેદ છે તે હકીકત માનવાને કારણ રહે છે. ઉપરાંતમાં, આરોપીની સંપુર્ણ શરીર સ્થિતીનું વર્ણન પણ સદરહું પંચ સાહેદ ધ્વારા કરવામાં આવેલ હોય તેવું બનેલ ન

હોવાનું તેઓ જણાવે છે. આથી, હાલના કામે સદરહું પંચ સાહેદ તે પોલીસના તાબાનો માણસ છે અને આથી સદરહું પંચ સાહેદની જુબાનીમાં સ્વતંત્રતાનો અભાવ જોવા મળે છે અને આથી તેઓની જુબાની વિશ્વશનીય ગણી શકાય નહી.

૭. ફરીયાદ પક્ષે હાલના કામે આંક-૧૪ થી ફરીયાદી હાર્દીકસિંહ જસવંતસિંહ જાદવ કે જેઓ હાલના કામે તપાસ કરનાર અમલદાર પણ છે તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, ગઇ તા. ૧૬/૦૪/૨૦૨૫ ના રોજ અમો પોલીસ સ્ટેશને ફરજ ઉપર હતા તે દરમ્યાન અરજદાર દિનેશભાઇ માનશીભાઇ જાપડીયા વાળાએ હરીભાઇ જીવાભાઇ ઝાપડીયા વાળા વિરૂદ્ધ દારૂ પી ને ધમાલ કરવા બાબતે કરેલ. હવે, હાલના કામે અરજી કરનાર માનશીભાઇ જાપડીયા એક મહત્વના સાક્ષી હતા, પરંતુ પોલીસ અધિકારીએ તેમનું નિવેદન લીધું નથી કે તેમને સાક્ષી તરીકે જોડ્યા નથી. સ્વતંત્ર સાક્ષીઓની ગેરહાજરીમાં માત્ર પોલીસ કર્મચારીની જુબાની પર ભરોસો મૂકી શકાય નહીં. હાલના કામે ફરીયાદી તેમજ ત.ક.અ. એક જ વ્યકિત છે અને ફરિયાદથી લઈ તપાસ સુધી ની પ્રક્રિયા એક જ વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી છે અને આથી તેમા કોઇ તટસ્થતા જળવાતી નથી અને તપાસની નિષ્પક્ષતા સામે પણ સવાલ ઉભા થાય છે. આવા સંજોગોમાં તેનો લાભ આ કામના આરોપીને મળવાપાત્ર થાય છે. વધુમાં આ કામે આંક-૧૭ થી રજુ થયેલ ફોર્મ સી જોવામાં આવે તો તા. ૧૬/૦૪/૨૦૨૪ ના રોજ કલેકટ કરવામાં આવેલ બ્લડ સેમ્પલ તા. ૧૮/૦૬/૨૦૨૫ ના રોજ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. ગાંધીનગર તરફ પહોંચેલ છે અને જેથી  ગુજરાત નશાબંધી (દાકતરી તપાસ અને લોહીની ચકાસણી) નિયમો ૧૯૫૯ ની કલમ ૪ ની મેનડેટરી જોગવાઇઓનો ભંગ થયેલો હોવાનું રેકર્ડ ઉપર આવતુ હોય, જેનો લાભ આરોપીને મળવાપાત્ર છે.

૮. આમ, હાલના કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકારહીત સાબિત કરવો જોઇએ. જે શંકાનું નિરાકરણ સમર્થનકારી પુરાવાથી પુરવાર કરવું જોઇએ જે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદ હકીકતે સદરહું શંકાના નિરાકરણ સારૂ કોઇ સમર્થનકારી પુરાવો રજુ કરેલ ન હોય, જેથી આરોપી એ ફરીયાદ હકીકત પ્રમાણેનો ગુનો કરેલ હોય તેવું ફરીયાદ હકીકતે ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી અને તેમ કરીને શંકા ઉપસ્થિત કરેલ હોય ત્યારે આવી શંકાનો

લાભ આરોપી ને મળવો જોઇએ તેમ મારવું માનવું છે. આમ, સદર કામના આરોપી સામે સીધો અને સ્પષ્ટ માનવા લાયક પુરાવાની ગેરહાજરી સબબ સદર આરોપી સામે કોઇ ગુનો નિ:શંકપણે પુરવાર થતો ન હોય, સદરહું કેસમાં આરોપી ને દોષિત ઠરાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી ઉપર મુજબ મુદા નં-૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદા નં-૨ અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

::હુકમ::

(૧) આ કામના આરોપી ને પ્રોહી એકટની કલમ- ૬૬(૧)(બી), ૮૫(૧) મુજબના ગુનામાંથી શંકાના લાભ સાથે છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ બી. એન. એસ. એસ. ની કલમ-૪૮૧ મુજબ અપીલ સમયના જામીન તરીકે રૂ.૫,૦૦૦/- ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૮ મી, માહે, માર્ચ સને. ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

Date:18/03/2026
Place: Dholera

(Mr. Piyush Navinbhai Lakhani)
Principal Civil Judge and
Judicial Magistrate First Class
Dholera, Dist. Ahmedabad(Rural)
Judge Code GJ01565